For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## ભારે વરસાદથી સતત ત્રીજા દિવસે જનજીવન અસ્તવ્યસ્ત: ઠેર-ઠેર પાણી ભરાતા ટ્રાફિક જામ : ડભોઈ, વાઘોડિયા, અજોડ, કરજણ રસ્તા બંધ

# ભારે વરસાદે વડોદરા જિલ્લાને ધમરોળ્યો, અનેક રસ્તા બંધ










**ઢાઢર નદી બે કાંઠે,** કરજણ અને દેવ ડેમના દરવાજા ખોલાયા, હવામાન વિભાગનું યલો એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

સંસ્કારી નગરી વડોદરા અને સમગ્ર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસી રહેલા અવિરત વરસાદના કારણે પૂર જેવી સ્થિતિ નિર્માણ પામી છે. શુક્રવાર અને શનિવાર દરમિયાન પડેલા ધોધમાર વરસાદ બાદ સતત ત્રીજા દિવસે પણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શહેરના મુખ્ય માર્ગો પરથી લઈને નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ રહેતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને ઠેર-ઠેર કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે.

સ્થાનિક તંત્ર અને પૂર નિયંત્રણ કક્ષ તરફથી મળેલી માહિતી અનુસાર, વડોદરા જિલ્લાના ઉપરવાસમાં ભારે વરસાદના પગલે જળાશયોમાં પૂરતા પ્રમાણમાં નવા પાણીની આવક નોંધાઈ છે. પરિણામે કરજણ ડેમના ૭ અને દેવ ડેમના ૫ દરવાજા ખોલીને નદીઓમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. વાઘોડિયા પંથકમાં પડેલા ધોધમાર વરસાદને કારણે ઢાઢર નદી બંને કાંઠે ઉભરાઈને વહી રહી છે, જેના કારણે આસપાસના ગ્રામ્ય




વિસ્તારોમાં એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. સલામતીના ભાગરૂપે વડોદરા-ડભોઈ માર્ગ સહિત કુલ ૪ મુખ્ય રસ્તાઓને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવાયા છે, જેથી અનેક વાહનચાલકો અને મુસાફરો અટવાયા હતા.

શહેરના સંગમ, વાઘોડિયા રોડ, રાવપુરા, સ્ટેશન રોડ, સુભાનપુરા અને મકરપુરા જેવા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે વેપાર-ધંધા પર માઠી અસર પડી છે. અંદરના આંતરિક રસ્તાઓ પર પાણી સુકાયા ન હોવાથી દૂધ, શાકભાજી જેવી આવશ્યક ચીજવસ્તુઓની પૂર્તિમાં પણ અવરોધ ઉભો થયો છે.

વરસાદી પાણી ભરાવાની સૌથી ગંભીર અસર વાઘોડિયા તાલુકામાં આવેલા શૈક્ષણિક સંકુલમાં જોવા મળી હતી. વાઘોડિયા સ્થિત સુમનદીપ વિદ્યાપીઠની લક્ષ્મી હોસ્ટેલમાં મોડી રાત્રે વરસાદી પાણી ઘૂસી જતાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્ર અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને મધ્યરાત્રિના ૩ વાગ્યે જટિલ બચાવ કામગીરી હાથ ધરીને ૧૦૦ છાત્રાઓ, ૪૦ છાત્રો અને ૧૦ શ્રમિકો મળીને એકંદર ૧૫૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કર્યા હતા.

હવામાન વિભાગ દ્વારા વડોદરા અને આસપાસના વિસ્તારો માટે આગામી ૨૪ કલાક દરમિયાન 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા સમગ્ર સ્થિતિનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. બડામડી બાગ સ્થિત 'કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર' પરથી શહેરના નીચાણવાળા વિસ્તારોનું લાઈવ સર્વેલન્સ થઈ રહ્યું છે. તંત્ર દ્વારા નાગરિકોને અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર ન નીકળવા તેમજ નદી-નાળા કે કોઝ-વે નજીક ન જવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

## સુમનદીપ વિદ્યાપીઠની હોસ્ટેલમાં પાણી ઘૂસ્યાં, ૧૫૦ લોકોનું રેસ્ક્યૂ



વડોદરા જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદની અસર વાઘોડિયા સ્થિત સુમનદીપ વિદ્યાપીઠમાં પણ જોવા મળી હતી. કેમ્પસની લક્ષ્મી હોસ્ટેલમાં વરસાદી પાણી ઘૂસી જતાં મધરાત્રિએ વહીવટી તંત્રએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. પાણીનું સ્તર વધતાં વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાત્રે આશરે 3 વાગ્યે વાઘોડિયા મામલતદાર, પોલીસ અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન હોસ્ટેલમાં રહેલા તમામ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. કુલ 150 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું, જેમાં 100 છાત્રાઓ, 40 છાત્રો અને 10 શ્રમિકોનો સમાવેશ થાય છે. સમયસરની કાર્યવાહીથી કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઈ નથી અને પરિસ્થિતિ પર તંત્ર સતત નજર રાખી રહ્યું છે.

## વિશ્વામિત્રીમાં ૨૪ કલાકમાં ૬ ફૂટનો વધારો



વડોદરા શહેર, જિલ્લા અને ઉપરવાસમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે નદીઓ અને જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે. છેલ્લા 24 કલાકમાં વિશ્વામિત્રી નદીની સપાટીમાં આશરે 6 ફૂટનો વધારો નોંધાતા જળસ્તર 14.76 ફૂટે પહોંચ્યું છે. આજવા સરોવરની સપાટી 1.74 ફૂટ વધીને 210.51 ફૂટ અને પ્રતાપપુરા ડેમ 226.50 ફૂટે પહોંચતાં તંત્ર એલર્ટ બન્યું છે. સમા, સયાજીગંજ, અકોટા સહિતના નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે. નર્મદા પરનો સરદાર સરોવર ડેમ પણ 129.30 મીટરની સપાટીએ પહોંચતાં હેઠવાસના ગામોને એલર્ટ કરાયા છે. જિલ્લા તંત્રે ફાયર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને અન્ય ટીમોને સ્ટેન્ડબાય રાખી નાગરિકોને નદીકાંઠે ન જવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

### જિલ્લામાં વરસાદ અને પાણીના ભરાવાને કારણે જનજીવન પ્રભાવિત

## ભારે પાણી ભરાવાના કારણે પાદરા-સંભોઈ અને શેહરા-કરજણ માર્ગ બંધ

**જોખમ** ખેડવાને બદલે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વાહનચાલકોને ખાસ અપીલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

તાજેતરના ભારે વરસાદ અને પાણીની અનિયમિત આવકને કારણે વડોદરા જિલ્લાના મુખ્ય માર્ગો પર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને શેહરા અને પાદરાથી સંભોઈ થઈને કરજણ જોડતા વ્યસ્ત માર્ગ પર ભારે માત્રામાં પાણી ભરાઈ જવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સુરક્ષા અને સલામતીને સર્વોપરી ગણીને તંત્ર દ્વારા આ માર્ગ પરના વાહનવ્યવહારને તાત્કાલિક અસરથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાદરાથી સંભોઈ અને કરજણ વચ્ચેના મુખ્ય માર્ગ ઉપર ઊંડે પાણી ભરાઈ જવાને કારણે અકસ્માત અને વાહનો ફસાઈ જવાનું જોખમ રહેલું હોય નાગરિકોની સુરક્ષા માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા બેરિકેડ્સ મૂકીને રસ્તો બંધ કરવામાં આવ્યો છે.



આ માર્ગ પરથી પસાર થતા તમામ કાર ચાલકો, ટ્રેક્ટર ચાલકો અને દ્વિચકી વાહનચાલકોને નમ્ર અપીલ છે કે તેઓ જોખમ ખેડીને પાણી ભરાયેલા વિસ્તારમાંથી પસાર થવાનું ટાળે. અસુવિધાથી બચવા માટે વૈકલ્પિક માર્ગો અથવા અન્ય સલામત રૂટનો ઉપયોગ કરવા માટે તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. સાથે માર્ગ પૂર્વવત શરૂ થતાં સંબંધિત વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, ત્યાં સુધી સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

## દેણા ગામે ૧૫૩ લોકોને સલામત સ્થળે ખસેડાયા, શેલ્ટર હોમમાં તમામ સુવિધા

હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીને પગલે વડોદરા જિલ્લા તંત્રે પૂર્વ તૈયારીઓના ભાગરૂપે દેણા ગામમાં નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી 153 ગ્રામજનોને સલામત સ્થળે ખસેડ્યા છે. ગત વર્ષની પૂર પરિસ્થિતિમાંથી બોધપાઠ લઈને મંજુસર પોલીસ, તલાટી, સરપંચ અને ગ્રામ પંચાયતની ટીમે બે દિવસથી સતત રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. તમામ લોકોને દેણા પ્રાથમિક શાળામાં બનાવાયેલા અસ્થાયી શેલ્ટર હોમમાં રાખવામાં આવ્યા છે, જ્યાં રહેવા, જમવા, પથારી અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આયુષ્માન આરોગ્ય મંદિરની મેડિકલ ટીમ દ્વારા સ્થળ પર સ્વાસ્થ્ય તપાસ અને સારવાર પણ આપવામાં આવી રહી છે. તંત્રે જણાવ્યું છે કે સરકાર અને હવામાન વિભાગની આગામી સૂચના સુધી શેલ્ટર હોમ કાર્યરત રહેશે. સમયસરની કાર્યવાહીથી દેણા ગામમાં જાનહાનિ અને મોટા નુકસાનને ટાળી શકાયું હોવાનું તંત્રએ જણાવ્યું છે.

## વિશ્વામિત્રીમાં પૂર પર નજર રાખવા રૂ.૨ કરોડની સ્માર્ટ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત



વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં બે વર્ષ અગાઉ આવેલા વિનાશક પૂર બાદ તંત્રે પૂર વ્યવસ્થાપન વધુ અસરકારક બનાવવા આધુનિક મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરી છે. વિશ્વામિત્રી ફ્લડ કમિટીની ભલામણ મુજબ નદીના ઉપરવાસથી શહેરના વિવિધ વિસ્તારો સહિત 12 સંવેદનશીલ સ્થળોએ અંદાજે રૂ. 2 કરોડના ખર્ચે વેલોસિટી મીટર અને લેવલ ટ્રાન્સમિટર્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સિસ્ટમ દ્વારા કાલાઘોડા સહિતના તમામ પોઇન્ટ પરથી પાણીનો ડિસ્ચાર્જ, પ્રવાહની ગતિ અને નદીનું સ્તર રીઅલ-ટાઇમ ઓનલાઈન જાણી શકાય છે. આજવા સરોવરમાંથી છોડાતા પાણીના જથ્થા તથા નદીમાં વધતા પ્રવાહની તાત્કાલિક માહિતી પણ તંત્રને મળી રહે છે. હાલ વિશ્વામિત્રીનું જળસ્તર પ્રથમ વખત 15 ફૂટે પહોંચતાં આ આધુનિક સિસ્ટમ પૂર સંચાલનમાં કેટલી અસરકારક સાબિત થાય છે તેના પર સૌની નજર છે.

## હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી, ગાજવીજ સાથે ૫૦ કિમીના પવનની ચેતવણી

**વડોદરા** શહેરમાં ૬ મિ.મી. જ્યારે સૌથી વધુ વરસાદ શિનોર તાલુકામાં ૫૪ મિમી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

ચોમાસાએ ફરી સક્રિયતા દાખવતા વડોદરા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા 24 કલાકમાં જિલ્લાનો સરેરાશ વરસાદ 24.75 મિમી નોંધાયો છે.

વડોદરા જિલ્લામાં સૌથી વધુ વરસાદ શિનોર તાલુકામાં 54 મિમી નોંધાયો છે. જ્યારે ડભોઈમાં 51 મિમી, સાવલીમાં 30 મિમી, દેસર-18 , કરજણમાં 22 મિમી, પાદરામાં 9 મિમી, વાઘોડિયામાં 8 મિમી અને વડોદરા શહેરમાં 6 મિમી વરસાદ પડ્યો છે. આ વરસાદ સાથે જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ હવે 458.88 મિમી પર પહોંચી ગયો છે. જેમાં શિનોર 684 મિમી અને ડભોઈ 557 મિમી સાથે ટોપ પર છે. વડોદરા શહેરનો કુલ વરસાદ 506 મિમી નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા આજે વડોદરા માટે ભારે વરસાદની યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં શહેરનું મહત્તમ તાપમાન 28.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.4 ડીગ્રી રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે 92 ટકા અને સાંજે 94 ટકા સુધી પહોંચ્યું હતું. આગામી 7 દિવસની આગાહી મુજબ આજે ગાજવીજ સાથે વરસાદ રહેશે. 02 ઓગસ્ટે ગાજવીજ સાથે વીજળી અને 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી આપવામાં આવી છે. 03 ઓગસ્ટથી 07 ઓગસ્ટ સુધી આકાશ વાદળછાયું રહેશે અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારે રહેતા લોકોને સાવચેત રહેવા સુચના આપવામાં આવી છે.

## ઢાઢર નદીના પૂલમાં ટેન્કરની બોડી ફસાતાં પાણીનો પ્રવાહ અટક્યો, જેસીબીથી દૂર કરાઈ



વડોદરા જિલ્લાના સમસપુરા ગામ પાસે ઢાઢર નદી પર સતત વરસાદના કારણે પૂરના પાણી સાથે તણાઈ આવેલી ટેન્કરની બોડી પૂલમાં ફસાઈ જતાં પાણીનો કુદરતી પ્રવાહ અવરોધાયો હતો. ઘટનાની જાણ થતાં સમસપુરા ગ્રામ પંચાયતની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પંચાયતે જેસીબી મશીનની મદદથી ફસાયેલી ટેન્કરની બોડીને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

### ઉપરવાસના ભારે વહેણથી નદી બે કાંઠે વહેતા વહીવટી તંત્રનો મોટો નિર્ણય

## વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે-૪૮ પર પોર પાસે ઢાઢર નદીનો ઓવરબ્રિજ વાહનવ્યવહાર માટે બંધ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧

વડોદરા અને ભરૂચને જોડતા અત્યંત વ્યસ્ત એવા નેશનલ હાઈવે-૪૮ ઉપર આવેલા પોર ગામ નજીકથી પસાર થતી ઢાઢર નદી પરનો ઓવરબ્રિજ સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યો છે.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ અને જળસંચયને કારણે ઢાઢર નદીના પ્રવાહમાં અચાનક મોટો વધારો થયો છે. નદી હાલ બે કાંઠે વહેતી થઈ ખતરાના નિશાન તરફ આગળ વધી રહી છે, જેના કારણે બ્રિજની મજબૂતાઈ અને વાહનચાલકોની સલામતી જોખમાઈ શકે તેવી શક્યતા હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી તાત્કાલિક એલર્ટ મોડ પર આવી ગયા હતા અને ત્વરિત નિર્ણય લઈને બ્રિજ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે સ્થગિત કરી દીધો છે.



બ્રિજ બંધ થવાથી હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય નહીં અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા વાહનોને વૈકલ્પિક માર્ગો તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ બિનજરૂરી મુસાફરી ટાળે અને પ્રશાસનને સહકાર આપે.

સ્થિતિ પર સતત નજર રાખવા માટે ફ્લડ કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવ્યો છે અને નદીના જળસ્તરમાં ઘટાડો થયા બાદ જ બ્રિજ ફરીથી ખોલવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

## જાંબુવા નદીમાં પાણી વધતાં તતારપુરા ગામનો સંપર્ક તૂટ્યો, તંત્ર એલર્ટ

વડોદરા જિલ્લાના તતારપુરા ગામમાંથી પસાર થતી જાંબુવા નદીમાં પાણીની સપાટી ઝડપથી વધી છે. સવારથી પાણીની આવક વધતાં નદીનું પાણી ગામની સીમ સુધી પહોંચી ગયું છે. પરિસ્થિતિ ગંભીર બનતાં તતારપુરા ગામને જોડતા કેલનપુર અને શંકરપુરા તરફના બંને મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ કરી દેવાયો છે, જેના કારણે ગામનો સંપર્ક તૂટી ગયો છે. વહીવટી તંત્રે તકેદારીના પગલાં લઈ ગ્રામજનોને નદી કિનારે કે પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવાની અપીલ કરી છે. ગામમાં પાણી ન ઘૂસે તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જરૂર પડે તો તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે રેસ્ક્યુ ટીમોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

